# એપ્રિલ મહિનાનો પરિચય

૧ એપ્રિલ, ૨૦૨૧

આત્મીય પાઠક,

આખરે, ઉત્તર ગોળાર્ધના મોટાભાગમાં વસંતઋતુનું આગમન થઈ ચૂક્યું છે. સૂર્યનાં કિરણોની હૂંફથી આકર્ષિત, પ્રકૃતિ ખીલી રહી છે. એ બધું જે શીતઋતુમાં સુષુપ્ત રહે છે તે ફરી એકવાર જાગ્રત થઈ ગયું છે. પ્રકૃતિ ભિન્ન-ભિન્ન રંગોના દશ્યોનું પ્રદર્શન કરી રહી છે. આ મહિનાના આરંભમાં, ૪ એપ્રિલે ઈસ્ટરનો તહેવાર છે, જે મને લાગે છે મારી ચારેબાજુ ફરીથી જન્મ લઈ રહેલાં નવજીવન સાથે સુસંગત છે.

છેલ્લાં કેટલાક મહિનાઓથી હું અમેરિકાના દક્ષિણપશ્ચિમી ક્ષેત્રમાં, એરિઝોનમાં સોનોરાન રણમાં નિવાસ કરી રહી છું. વિશ્વના આ ભાગમાં જંગલી ફૂલો ઊગી રહ્યાં છે. એલ્ફ ઘુવડો મેક્સિકોથી ઊડીને ઉનાળો વિતાવવા અહીં આવ્યા છે. રણના કાચબાઓ તેમના દરમાંથી બહાર આવી ગયા છે; પતંગિયાની પ્રવૃત્તિ ચાલુ થઈ ગઈ છે. બીનનાં વૃક્ષો પર ખાવાયોગ્ય ફળો ઊગી રહ્યાં છે. સાગુઆરો નામનો થોર તેનાં મોટાં સફેદ ફૂલોને ખોલવા માટે તૈયાર થઈ રહ્યો છે. અને થોડા જ સમયમાં સફેદ પાંખવાળા કબૂતરો પાછા આવી જશે.

દક્ષિણ ગોળાર્ધનાં ક્ષેત્રમાં ઉનાળાની ગરમીના દિવસો જઈ રહ્યાં છે અને ઠંડા દિવસોનો આરંભ થઈ રહ્યો છે. દિવસો ટૂંકા થઈ રહ્યા છે જ્યારે રાત્રિઓ લાંબી થઈ રહી છે. પાનખર ઋતુનાં વૃક્ષો પરથી પાંદડાંઓ ખરી રહ્યાં છે. જેમજેમ શિયાળો આવી રહ્યો છે તેમતેમ પ્રકૃતિ સ્થિર થઈ રહી છે અને પોતાને અંતર તરફ વાળવા માટે અવકાશ લેવાની તૈયારી કરી રહી છે.

જ્યારે હું ચારેબાજુ નજર કરું છું તો જે મને સૌથી વધારે વિસ્મિત કરી દે છે, તે છે પ્રકૃતિની લવચીકતા અને શિયાળાની ઠંડી તથા ઉનાળાની ધગધગતી ગરમી સાથે તેમજ અતિશય દુકાળના સમય પછી પડતા ધોધમાર વરસાદ સાથે અનુકૂળ થવાની તેની ક્ષમતા. પ્રકૃતિ તેનાં અસંખ્ય રૂપોમાં વિકસિત અને સંકુચિત થાય છે. તે ક્યારેય થોભતી નથી; તે સતત પોતાનામાં શક્તિનો પુન:સંચાર કરતી રહે છે, નવજીવનમાં પ્રવેશ કરતી રહે છે.

સાધનામાં પણ આવી જ ક્રિયાશીલ પ્રક્રિયા હોય છે. જ્યારે આપણે આપણી આકાંક્ષાઓને ફરીથી નવીન કરીએ છીએ, આપણા સંકલ્પોને સ્પષ્ટ કરીએ છીએ અને સિદ્ધયોગ અભ્યાસોને કરવાના આપણા પ્રયાસોને સુદઢ કરીએ છીએ ત્યારે આપણે આપણા જીવનને પ્રાણશક્તિ, બળ અને પ્રેરણાથી ભરી દઈએ છીએ. એ મારો પ્રત્યક્ષ અનુભવ રહ્યો છે કે સાધનામાં મારા પ્રયાસોનું સતત મૂલ્યાંકન કરીને, તેને વ્યવસ્થિત કરીને અને તેને વધારતા રહીને, હું ગૌરવપૂર્ણ અને સેવાનું જીવન જીવી શકું છું.

આ વર્ષના આરંભમાં મેં મારા અભ્યાસોને પુનર્નવીન કરવાનો સંકલ્પ કર્યો. દરમહિને હું સિદ્ધયોગ પથ વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવતા સ્તોત્રનું અધ્યયન કરતી. બધાં જ સ્તોત્રો ભગવાન સાથે ઉલ્લાસપૂર્ણ સંવાદ છે અને એમના દ્વારા રચિત છે, જેમનું જીવન પરમાનંદ અને કૃતજ્ઞતાથી પરિપૂર્ણ છે.

એપ્રિલ મહિનામાં આવનારી હનુમાન જયંતીની તૈયારી માટે મેં ગયા મહિને જ ‘શ્રી હનુમાન ચાલીસા’ શીખવાનો અને તેનો અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો. હું દરરોજ સવારે આ સ્તોત્રને ઘણીવાર ગાતી અને જ્યારે હું આવું કરતી ત્યારે તેનો દૃઢ મધુર રાગ મને ઘેરી લેતો. હું મહેસૂસ કરતી કે હું વધારે સૌમ્ય થઈ રહી છું, વધારે નિર્ભય થઈ રહી છું અને પૂર્ણરૂપે શ્વાસ લઈ રહી છું. હનુમાનજીની ભગવાન શ્રીરામ પ્રત્યેની અવિચળ ભક્તિની વાર્તાથી પરિચિત થવા માટે મેં મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણનો સંક્ષિપ્ત અનુવાદ પણ વાંચ્યો. મહાન વાનરયોદ્ધા, હનુમાનજી પવનદેવના પુત્ર છે. તેઓ પ્રકૃતિની દિવ્ય શક્તિ છે તેમજ જ્યાંપણ જાય છે ત્યાં સાધુતા અને ધર્મની પુનઃસ્થાપના કરે છે. વાર્તામાં એક સમયે, હનુમાનજી ભગવાન શ્રીરામની સેવામાં મહાદ્વીપો પર કૂદકો મારીને પોતાના ખભા પર એક આખો પર્વત ઉપાડી લે છે.

દરરોજ જ્યારે હું મારી બારીની બહાર જોઉં છું, ત્યારે મને મારી સામે ગગનચુંબી અને જમીન પર દૂર સુધી વિસ્તાર પામેલા સાન્તા કેટાલીના પર્વતો, મોનોલિથ્સ દેખાય છે. આ ગગનચુંબી શિખરો મને મંત્રમુગ્ધ કરી દે છે. ક્યારેક સૂર્ય તેમના પર સોનેરી અને ગુલાબી રંગો પાથરી દે છે; તો ક્યારેક પર્વતો તીક્ષ્ણ અને ડરામણા લાગે છે. તેમની ઉપસ્થિતિમાં રહીને હું પૃથ્વી અને બધાં પ્રાણીઓ સાથેના મારા સંબંધને મહસૂસ કરું છું.

આજે આ પર્વતોને જોઈને અને હનુમાનજી પર મનન કરીને મને લાગે છે કે હું એ સમજું છું કે તેમને પર્વત ઉપાડવાનું બળ કોણ આપે છે. તે છે ભગવાન શ્રીરામ માટેનો તેમનો પ્રેમ, જેમનું પવિત્ર નામ હનુમાનજીના શરીરની દરેક કોશિકામાં ગુંજે છે. આ વિચાર સાથે, હું મારી આંખો બંધ કરું છું અને અંતરમાં એ પ્રેમ તરફ વળું છું જેને મારા પરમપ્રિય ગુરુ, શ્રીગુરુમાઈની કૃપાથી મારી અંદર જાગ્રત કરવામાં આવ્યો છે.

***

આ મહિનામાં આવનારા કેટલાક મુખ્ય તહેવારો અને કાર્યક્રમો નીચે મુજબ છે, જેને સિદ્ધયોગ પથ વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવશે.

**એપ્રિલ મહિનાના તહેવારો અને કાર્યક્રમો**

**ગુડી પડવો : ૧૨ એપ્રિલ (ભારતમાં ૧૩ એપ્રિલ)**

મહારાષ્ટ્રમાં ગુડી પડવો, નવવર્ષ દિવસના ઉત્સવ તરીકે મનાવવામાં આવે છે. આ તહેવાર ભારતનાં અન્ય ભાગો જેમકે કર્ણાટક, આંધ્રપ્રદેશ અને મણિપુરમાં પણ ઉજવવામાં આવે છે (જ્યાં તે બીજાં નામોથી ઓળખાય છે, ઉગાદિ, યુગાદિ અને ચેટીચાંદ). ગુડી પડવાનાં દિવસે લોકો ગુડી એટલે કે ચમકદાર શણગારેલી ધજા લહેરાવીને,

ચૌદ વર્ષના વનવાસ પછી પાછા આવેલા ભગવાન શ્રીરામના અયોધ્યાના રાજા તરીકે રાજ્યાભિષેકનો ઉત્સવ મનાવે છે. આ અવસરની તેઓ દીર્ઘકાલથી પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. ગુડી પડવાનો દિવસ વર્ષના સર્વાધિક શુભ સાડા ત્રણ દિવસોમાંથી એક માનવામાં આવે છે.

**અર્થ ડે (પૃથ્વી દિવસ) ૨૦૨૧ : ૨૨ એપ્રિલ**

'અર્થ ડે'ની સ્થાપના એકાવન વર્ષ પૂર્વે ૧૯૭૦માં થઈ હતી અને આજે એકસો અબજથી પણ વધુ લોકો દર વર્ષે 'અર્થ ડે'ની પ્રવૃત્તિઓમાં ભાગ લઈને તેને વિશ્વનો સૌથી મોટો સાર્વજનિક કાર્યક્રમ બનાવે છે. આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ આપણને એક અવસર પ્રદાન કરે છે કે આપણે થોભીએ અને આપણું પોષણ કરનારી પ્રાકૃતિક જગતની ભવ્યતા પર મનન કરીએ અને ઈશ્વરની સૃષ્ટિના હિતની સુરક્ષા માટેની આપણી ભૂમિકાનું સન્માન કરીએ.

**હનુમાન જયંતી : ૨૬ એપ્રિલ (ભારતમાં ૨૭ એપ્રિલ)**

આ તહેવાર ભગવાન શ્રીરામના અમર અને સમર્પિત સેવક હનુમાનજીના જન્મનો ઉત્સવ છે. સિદ્ધયોગ પથ વેબસાઇટ પર તમને આ તહેવારનું વર્ણન તથા હનુમાનજીની છબીઓ અને વાર્તાઓનો સંગ્રહ જોવા મળશે. હનુમાનજીની અડગ ભક્તિએ તેમને અજેય યોદ્ધા તેમજ પરાક્રમ, જ્ઞાન અને બળના મૂર્તરૂપ બનાવી દીધા. સંત કવિ તુલસીદાસ દ્વારા રચિત લોકપ્રિય અને આદરણીય સ્તોત્ર, 'શ્રી હનુમાન ચાલીસા' જેનો હું અભ્યાસ કરી રહી છું તે પરંપરાગતરીતે આ દિવસે ગાવામાં આવે છે. તેના એક શ્લોકમાં તુલસીદાસજી ઘોષણા કરે છે કે જ્યારે કોઈ મહાવીર હનુમાનજીનું સ્મરણ કરીને તેમને પ્રાર્થના કરે છે તો તેની બધી પીડાઓનો અંત આવે છે અને બધાં દુઃખ દૂર થઈ જાય છે.

***

મારી શુભકામના છે કે આ મહિને તમે આ પ્રાકૃતિક જગતમાં ચમત્કારિક રીતો દ્વારા પ્રગટ થઈ રહેલા ઈશ્વરનો અનુભવ કરો. મારી શુભકામના છે કે જે રીતે પ્રકૃતિ નિરંતર પોતાને પુનર્નવીન અને અનુપ્રાણિત કરે છે તે રીતે તમે તમારી સાધનામાં પ્રાણશક્તિ અને આનંદનો શ્વાસ લો.

આદર સહિત,

મેનકી કલાર્ક

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.